**– : આંક.૧ લગત હુકમ :–**

| | | |
|---|---|---|
| GJBK210000402025 | દાખલ તારીખ | ૨૪/૦૧/૨૦૨૫ |
| | રજુ તારીખ | ૨૪/૦૧/૨૦૨૫ |
| | ફેસલ તારીખ | ૦૫/૦૪/૨૦૨૫ |
| | સમય અવધિ :– | **વર્ષ – માસ દિવસ** |
| | | **૦૦ – ૦૨ –૧૨** |

---

## લાખણીના મહે.જયુડીશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું.લાખણી.

---

**ક્રિ.પર.અરજ નંબર–૦૯/૨૦૨૫**

**અરજદાર.** પંખુબેન તે મુકેશજી બાબુજી મકવાણાની પત્ની
તે દીકરી ગોવાજી માનસુંગજી ઠાકોર
ઉ.વ.૨૭, ધંધો.ઘરકામ,
રહે.ડોડિયા, તા.લાખણી, જિ.બનાસકાંઠા.

**વિરુધ્ધ**

**સામાવાળા.** (૧) મુકેશજી બાબુજી મકવાણા
(૨) બાબુજી વસાજી મકવાણા
ઉ.વ.પુખ્ત, ધંધો.ખેતી,
બંને રહે.કોચલા, તા.થરાદ, જિ.બનાસકાંઠા.

**અરજદાર તરફે વિ.વ.શ્રી પી.જે.ડાભી**

**સામાવાળા તરફે વિ.વ.શ્રી બી.વી.મકવાણા**

---

**અરજ: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૧૦૦ સી.આર.પી.સી.કલમ–૯૭ મુજબ**

---

**–: ચુકાદો:–**

(૧) સદરહું કેસ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૧૦૦ સી.આર.પી.સી.કલમ–૯૭ મુજબ દાખલ થયેલ છે. આ કામના અરજદાર અરજી વંચાણે લીધી, આ કામના અરજદારની

દીકરી નામે કાજલ બેનને આ કામના સામાવાળાઓની ગે.કા. અટકાયતમાંથી મુકત કરાવવા તેમજ આ કામના અરજદારને દીકરીનો કબજો સોંપવા અરજ કરેલ છે.

(૨) અરજદાર તરફે વિ.વ.શ્રી **પી.જે.ડાભી**ને સાંભળ્યા સામાવાળા તરફે રજુ થયેલ આંક–૭ થી રજૂ લેખિત જવાબ ધ્યાને લીધો. સામાવાળા તરફે વિ.વ.શ્રી બી.વી.મકવાણાને સાંભળ્યા.

(૩) આ કામના અરજદારે હાલની અરજી ક્રિ.પ્રો.કો.ની ક.૯૭ હેઠળ સામાવાળા સાથે રહેતા સગીર દીકરી કાજલબેનનો કબજો મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

(૪) અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદારના લગ્ન સામાવાળા નં.૧ સાથે સમાજના રીત રિવાજ મુબજ સાત વર્ષ પહેલાં થયેલાં થયેલા છે. આ લગ્ન જીવનથી અરજદારને બે સંતાનનો જન્મ થયેલ જેમાં સૌથી મોટી દીકરી કાજલ ઉ.વ.–૦૪ તથા નાનો દીકરો નિકુંજ ઉ.વ.–૦૭ છે.શરુઆતમાં અરજદારનું લગ્નજીવન સારી રીતે ચાલેલ ત્યારબાદ અરજદારના પતિ તથા સાસરીપક્ષના લોકો નાની નાની બાબતમાં ઝગડા કરી અરજદાર પાસેથી પહેરેલ તમામ દાગીના લઈ બાળકો સાથે કાઢી મૂકેલ હતા જેથી અરજદારના પરિવારના લોકો દવારા અવાર નવાર સમાધાન કરી તેડી જવા કહેલ પરંતુ સામાવાળા સમાધાન કરી અરજદારને લઈ જવા તૈયાર નથી.

આ કામના અજદાર પાંચેક દિવસ પહેલાં પિતાના ઘરે હતા ત્યારે સામાવાળાઓ ગાડી લઈ આવેલ અને કહેલ કે, અમારા બાળકો અમને પરત આપી દે, અને તને અમારે જોઈતી નથી. પરંતુ બાળકો નાના હોય, માતાની વધારે જરૂર હોય, અને તમે મને કેમ લઈ જતા નથી તેવું કહેતાં, એકદમ ઉશ્કેરાઈ જઈ મા–બેન સામે ભૂંડી ગાળો બોલવા લાગેલ જેથી અવાજ થતાં અમારા ઘરના માણૌ ભેગા થઈ જતાં સામાવળાઓ અમો અરજદારના કબજામાં થી અમારી દીકરી નામે કાજલ ઉ.વ.–૦૪ ને બળજબરી કરી ગાડીમાં નાખીને જતા રહેલ. ત્યારબાદ અરજદારના પરિવારજનોને દીકરી બાજલને પરત લાવવા મૂકેલ પરંતુ સામાવળાઓએ તોછડાઈભર્યુ વર્તન કરેલ અને અમારા પિતાને જોઈને દીકરી કાજલ કુકવા કરવા લાગેલ અને કહેતી હતી કે, અહીંથી મારી મમ્મી પાસે લઈ જાઓ મમ્મી વગર ફાવતું નથી મને ઘરમાં પુરી રાખે છે જમવાનું પણ આપતા નથી. બહાર નીકળવા દેતા નથી. આમ, અરજદારની દીકરીને ગે.કા. રીતે ઘરમાં પુરી રાખેલ હોય, પરત અપાવવા અરજ કરેલ છે.

(૫) આ કામે અરજદારની અરજીના અનુસંધાને આ કામના સામાવાળાને નોટીસ કાઢતાં તેઓ પોતાના વકીલ મારફત હાજર થઈને આંક–૭ થી સર્ચ વોરંટની અરજી સામે લેખિત જવાબ રજુ કરી જણાવેલ છે કે, અરજદારની અરજીના પેરા નં.૧ ની હકકીત ફોર્મલ છે. આ કામે ખરી હકીકત એવી છે કે, અમો સામાવાળા નં.૧ ના લગ્ન અરજદાર સાથે સમાજના રીત રિવાજ મુબજ સાત વર્ષ પહેલાં થયેલા. આ લગ્નજીવનથી એક દીકરી કાજલનો જન્મ થયેલતે દીકરી કાજલ જન્મથી અમો સામાવાળા પાસે છે. ત્યારબાદ, મારી પત્નીને ડીલીવરી હોય, પિયરમાં ગયેલ અને પુત્રનો જન્મ થયેલો. ત્યારબાદ સામાવાળા નં.૧ ના પત્નીને તેડવા ગયેલા પરંતુ પરત આવેલ નથી. અરજીના પેરા નં.૨ ની હકીકત ખરી નથી આ કામના સામાવાળા અરજદારને સારી રીતે રાખેલ છે તેમજ હાલે પણ અરજદારને લઈ જવા તૈયાર છે અરજીના પેરા નં.૪ ની હકીકતે અમારી દીકરી કાજલને ઘરમાં પુરી રાખે છે જમવાનું પણ આપતા નથી. તે હકીકત ખોટી છે. સામાવળા નં.૧ દીકરી કાજલના વાલી છીએ. અમારા વાલીપણામાંથી અરજદારને કબજો મેળવવાનો કોઈ હકક નથી. સામાવાળા નં. ૨ અરજદારના સસરા સગીર દીકરીના દાદા છે. દીકરી કાજલ સ્વેચછાએ રાજી ખુસીથી અને જન્મથી મારી પાસે રહે છે. અમો સારી રીતે રાખીએ છીએ. તેમજ સારી રીતે ખાવાનું પણ આપીએ છીએ. અરજદારને તેઓના પિયરિયા ખોટી રીતે ચડાવણી કરતા હોય, અરજદારે હાલની અરજી ખોટી કરેલ છે. હાલમાં પણ સામાવાળાનં.૧ અરજદારને તેડી જવા તૈયાર છીએ અને અરજદાર જણાવે તે રીતે રાખવા તૈયાર છીએ. અને નામદાર કોર્ટમાંથી પણ તેડી જવા તૈયાર છે.

આ કામના અરજદારે ખોટી અરજી કરેલ છે. પિતા પાસેથી બાળકનો કબજો જોયતો **નામદાર ફેમીલી કોર્ટમાં ગાર્ડિયન એન્ડ વોર્ડસ એકટ હેઠળ દાખલ કરવી પડે જેથી, હાલની અરજી ચાલવા પાત્ર નથી.** તેમજ માંગ્યા મુજબની દાદ મળી શકે નહિ. અને નામદાર કોર્ટને સગીરનો કબજો સોંપવાની કોઈ સત્તા નથી અને સામાવાળા કાયદેસરના વાલી છે તેમજ સામાવાળાની દીકરી સામાવાળા નં.૧ તેમજ દાદા–દાદી સાથે સારી રીતે રહે છે. દીકરીનું ભવિષ્ય સામાવાળા પાસે ઉજળું છે સામાવાળાએ પોતાના સંતાનને ગોંધી રાખેલ નથી અને સારી રીતે દેખભાળ રાખે છે. અરજદારે ખોટી અરજી કરેલ છે. તેમજ અરજદારની અરજી

મુજબ પણ ક્રિ.પ્રો.કો.ક.૯૭ મુજબની દાદ મળવાપાત્ર નથી. જેથી, અરજી ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૬) આમ, સમગ્ર હકકીત ઘ્યાને લેતાં આ કામના અરજદારે સામાવાળા નં.૧ કે જેઓ અરજદારના પતિ છે તેઓ સામે પોતાની સગીર દીકરી કાજલનો કબજો મેળવવા માટે હુકમ કરવા માટે હાલની અરજી કરેલ છે. વધુમાં અરજીમાં જણાવેલ છે કે તેઓ પોતાના સગીર દીકરીને સામાવાળા સારી રીતે રાખતા નથી, બહાર નીકળવા દેતા નથી અને ઘરમાં પુરી દીધેલ અને ગોધી આખેલ. અરજદારની અરજીમાં જે મુખ્ય દાદ છે તે પોતાની સગીર દીકરીનો કબજો સોપવા માટેની છે.

**સી.આર.પી.સી. ની કલમ ૯૭–૯૮ ના પ્રબંધોને જોવામાં આવે તો કોઈપણ વ્યકિતની ગેરકાયદેસરની અટકાયત અને તેવી અટકાયત કે જે ગુન્હો બનતી હોય ત્યારે તેવી અટકાયત માંથી કે ગેરકાયદેસર રીતે ગોંધી રાખવામાં આવેલી હોય તેમાંથી મુકત કરાવવા સર્ચ વોરંટ કાઢી આપવા હુકમ કરી શકાય નહી.**

સામાવાળા સગીર દીકરીના પિતા છે. દીકરી કાજલની ઉંમર ચાર વર્ષની છે અને દીકરી તેના પિતા તથા દાદા–દાદીની સાથે સારી રીતે રહે છે. જયારે સંતાન સગીર હોય ત્યારે તેની સંભાળ માતા જેટલી લઈ શકે તેટલી પિતા લઈ શકે નહી એ હકીકત માની શકાય તેમ નથી. સામાવાળા નં.૧ ના માતા પિતા હયાત છે. તેઓ સારી રીતે કાળજી રાખી શકે તેમ છે. જેથી, સગીર સંતાન તેના પિતા અને પરિવાર સાથે રહે છે જેથી, અરજીની જે દાદ છે તે ક્રિ.પ્રો.કો.ની ક.૯૭ મુજબની નથી. તેમજ , આ કલમો મુજબના આવશ્યક તત્વો પણ અરજી ઘ્વારા ફલિત થતા નથી.

આમ, આ કામે અરજદારની હાલની અરજીની જે દાદ છે તે ક્રિ.પ્રો.કો.ની ક.૯૭ મુજબની નથી. તેમજ, આ કલમ મુજબના આવશ્યક તત્વો પણ અરજી ઘ્વારા ફલિત થતા નથી. આમ હાલની અરજી કોઈ પણ રીતે મંજુર થવા પાત્ર બનતી નથી. જેથી, નીચે મુજબ હુકમ હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુ ક મ ::–

અરજદારની હાલની અરજી નામંજુર કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ. લાખણી.
તા.૦૫/૦૪/૨૦૨૫

**(દિલીપગીરી જયંતીગીરી ગોસ્વામી)**
જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ,
બનાસકાંઠા–લાખણી.
કોડ નં.જી.જે.૦૦૮૩૫